# પ્રકરણ : ૨૧

## મોરારજીભાઈ – જવાહરલાલ વચ્ચે વાદવિવાદ

**-કેરસી દેબુ**

મોરારજીભાઈની મુંબઈની ગૃહમંત્રી અને મુખ્યમંત્રી તરીકેની સફળ કામગીરીથી વડાપ્રધાન જવાહરલાલજી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આઝાદીના શરૂઆતના વર્ષોમાં કેન્દ્રમાં અનુભવી અને કાર્યક્ષમ વ્યક્તિઓની ખાસ જરૂરિયાત હતી. જવાહરલાલના મંત્રીમંડળમા કાબેલ અને અનુભવી વ્યક્તિઓની ખોટ વર્તાતી હતી. કેન્દ્રના એક કાર્યક્ષમ મંત્રી શ્રી ગોપાલસ્વામી આયંગરનું ૧૯૫૩ માં અવસાન થયું ત્યારે જવાહરલાલે મોરારજીભાઈને કેન્દ્રમા જોડાવા વિનંતિ કરી પરંતુ મુંબઈ રાજયમા સંયુકત મહારાષ્ટ્રની ચળવળ ચાલી રહી હોવાથી પોતાની નૈતિક જવાબદારી હોવાથી મોરારજીભાઈએ એ વિનંતિનો અસ્વીકાર કર્યો.

મોરારજીભાઈની ખુદની ઈચ્છા ૬૦ વર્ષની ઉંમરે સક્રિય રાજકારણમાથી નિવૃત થઈ માત્ર પક્ષની કામગીરી કરવાની હતી તે પ્રમાણે મોરારજીભાઈએ જવાહરલાલને જણાવ્યું હતું પરંતુ જવાહરલાલને પ્રધાનમંડળમા તેઓની જરૂરિયાત વધુ હતી એટલે આગ્રહપૂર્વક નાણાંખાતુ સ્વીકારવાની વિનંતિ કરી હતી. મોરારજીભાઈને નાણાંખાતાનો કોઈ અનુભવ ન હતો કે અર્થશાસ્ત્રના અભ્યાસુ પણ ન હતા. જવાહરલાલે જયારે મોરારજીભાઈને પૂછયું કે નાણાંપ્રધાન કેવી વ્યક્તિને બનાવવા જોઈએ ત્યારે મોરારજીભાઈએ

(૧) નાણાંપ્રધાન પાર્ટીની જ વ્યક્તિ હોવી જોઈએ.

(૨) જે વ્યક્તિ પસંદ કરો તેમા તમને પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ

(૩) પક્ષની નીતિમા ચુસ્તપણે માનતો હોવો જોઈએ

(૪) તે વ્યક્તિની પ્રમાણિકતામા દેશવાસીઓને વિશ્વાસ હોવો જોઈએ

(૫) આ વ્યક્તિમા એટલી સાદી સમજ અને બુધ્ધિ હોવી જોઈએ જેથી તે નિષ્ણાંતોની બુધ્ધિનો ઉપયોગ કરી યોગ્ય નિર્ણયો લઈ શકે.

આ તબક્કે જવાહરલાલે સ્પષ્ટ કહ્યું કે આ બધી જ ગુણવત્તા તમારામાં મોજુદ છે એટલે હું તમને વિનંતિ કરૂં છું કે તમે નાણામંત્રી તરીકે મારા પ્રધાનમંડળમાં જોડાઈ જાઓ. જયાં સુધી મુંબઈ રાજયના પ્રશ્નનો નિકાલ આવે ત્યાં સુધી આ ખાતુ હાલ મારી પાસે રાખીશ. થોડા સમય પછી તમે એ સ્થાન સ્વીકારી શકો છો.

આ “થોડા સમય” દરમ્યાન વિદેશી હુંડીયામણ અને અન્ય નાણાંકીય બાબતમા કેટલીક મુશ્કેલીઓ પેદા થઈ પરિણામે જવાહરલાલે શ્રી ટી.ટી. કૃષ્ણામાચારીને નાણાંપ્રધાન બનાવી દીધા અને મોરારજીભાઈને વેપાર અને ઉદ્યોગ ખાતુ ઓફર કર્યા. મોરારજીભાઈનો કોઈ ખાસ ખાતા માટે આગ્રહ ન હતો પરંતુ કૃષ્ણામાચારીને મોરારજીભાઈને વ્યાપાર ઉદ્યોગખાતુ ન સોંપવા આગ્રહ કર્યો. ફરીથી જવાહરલાલ માટે દ્વિધા ઉભી થઈ ત્યારે ફરીથી મોરારજીભાઈએ કહ્યું કે, “તમારે જે ખાતુ મને સોંપવું હોય તે સોંપી શકો છો મારો કોઈ ખાસ આગ્રહ નથી.”

તા.૧૪ મી નવેમ્બર ૧૯૫૬ ના રોજ મોરારજીભાઈની કેન્દ્રના વેપાર ઉદ્યોગ ખાતાના મંત્રીપદે શપથ વિધિ થઈ એ પહેલા શ્રી ગોવિંદ વલ્લભ પંતને પણ પ્રધાનમંડળમા સામેલ કરવામાં આવ્યા હતા. મંત્રીમંડળમા સીનીયોરીટી પ્રમાણે મોરારજીભાઈનું સ્થાન ચોથા ક્રમે નક્કી થયું હતું. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ, બીજા ક્રમે મૌલાના આઝાદ, ત્રીજા ક્રમે ગોવિંદ વલ્લભ પંત અને ચોથો ક્રમ મોરારજીભાઈને આપવામાં આવ્યો હતો.

નાણાંપ્રધાન તરીકે શ્રી કૃષ્ણામાચારી સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા અને તપાસપંચે શ્રી કૃષ્ણામાચારીને દોષિત ઠેરવ્યા હતા પરિણામે શ્રી કૃષ્ણામાચારીએ રાજીનામુ આપ્યું. આ તબક્કે જવાહરલાલજીએ ફરીથી મોરારજીભાઈને નાણાંખાતુ સંભાળવા વિનંતિ કરી. શરૂઆતમા થોડી આનાકાની પછી ૨૨ મી માર્ચ ૧૯૫૮ ના દિવસે મોરારજીભાઈએ નાણાંપ્રધાન તરીકે ચાર્જ સંભાળી લીધો હતો. આ પહેલા ફેબ્રુઆરી મહિનામા મૌલાના આઝાદનું અવસાન થયું હતું. આમ એક વધુ સીનીયર મંત્રીની વિદાય પછી સ્વાભાવિક રીતે મોરારજીભાઈનું સ્થાન ત્રીજા ક્રમે પહોંચ્યું. બીજા ક્રમે શ્રી  ગોવિંદ વલ્લભ પંત રહ્યા પરંતુ ૧૯૬૧ મા શ્રી પંતનું અવસાન થતા સુધી તેઓ મંત્રીમંડળમા ઉપનેતા તરીકે રહ્યા. શ્રી પંતના અવસાન થતા સુધી તેઓ મંત્રીમંડળમા ઉપનેતા તરીકે રહ્યા. શ્રી પંતના અવસાન પછી ચાલી આવેલી પ્રથા પ્રમાણે સ્વાભાવિક રીતે હવે મંત્રીમંડળમા મોરારજીભાઈનું સ્થાન બીજા ક્રમે એટલે કે ઉપનેતાનું હોવું જોઈએ. પરંતુ જવાહરલાલ પોતાને અનુકૂળ હોય એવા જીહજુરીયાની નિમણુંક ઉપનેતા તરીકે કરવા માંગતા હતા. મોરારજીભાઈ સાથેના પાંચેક વર્ષના અનુભવમા મોરારજીભાઈના સ્વભાવનો પરિચય થઈ ગયો હતો. પરિણામે ઉપનેતા તરીકે મોરારજીભાઈના સ્થાને જગજીવનરામને રાખવાની દરખાસ્ત આવી. મોરારજીભાઈએ જવાહરલાલને મળીને આ બાબતમા પોતાનો વિરોધ રજુ કર્યો. પરંપરા પ્રમાણે કેબીનેટમા બીજા નંબરનું સ્થાન ધરાવનાર મંત્રી ઉપનેતા બને પરંતુ મોરારજીભાઈ કરતા જુનીયર એવા જગજીવનરામની નિમણુંક થાય તો તેનો અર્થ એવો થાય કે જવાહરલાલને મોરારજીભાઈમા વિશ્વાસ નથી અને આ સંજોગોમા મોરારજીભાઈ કેબીનેટમાંથી ખસી જશે એવી સ્પષ્ટ વાત કરી.

જવાહરલાલની ઈચ્છા આ પદ માટે કેબીનેટમા સ્પર્ધા ઉભી કરી મોરારજીભાઈનું પત્તુ કાપવાની હતી એ સ્પષ્ટ હતું. સ્પર્ધા માટે મોરારજીભાઈની તૈયારી ન હતી, તેઓ સર્વાનુમતે પસંદગી થાય તો જ પદ સ્વીકારશે એવી ચોખવટ કરી હતી. મોરારજીભાઈએ સ્પષ્ટતા કરી હતી કે તેઓને ઉપનેતા પદ તેઓ કરતા નીચા ક્રમની વ્યક્તિ ઉપનેતા બને તે સામે વિરોધ હતો. આ તબક્કે બે ઉપનેતા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું અને તે પ્રમાણે લોકસભા અને રાજ્યસભા માટે અલગ-અલગ ઉપનેતા બનાવવા પાર્લામેન્ટરી પક્ષનું બંધારણ બદલવાની જરૂર ઉભી થઈ હતી. જેમાં જવાહરલાલે ચાલાકીપૂર્વક દરખાસ્ત મંજુર કરાવી હતી એવું મોરારજીભાઈએ પોતાની આત્મકથામાં નોંધ્યું છે.

૧૯૬૧ મા ગોવિંદ વલ્લભ પંતના અવસાન સમયે ગૃહપ્રધાન તરીકે તેઓની જગ્યાએ મોરારજીભાઈની નિમણુંક અપેક્ષિત હતી. મોરારજીભાઈને મુંબઈ રાજયમાં ગૃહપ્રધાન તરીકેનો બહોળો અનુભવ પણ હતો. આમ છતાં ગૃહખાતુ શ્રી લાલબહાદુર શાસ્ત્રીને આપવામાં આવ્યું. મોરારજીભાઈ પાસે નાણાંખાતુ જ રહ્યું.

જવાહરલાલજીના અનુગામી તરીકે મોરારજીભાઈનું નામ કેટલાક સમયથી ચર્ચામાં હતુ પરંતુ જવાહરલાલની ઈચ્છા કંઈક જુદી જ હતી જે અંગે હવે પછી આવતા અંકમાં...